## તંત્રી સ્થાનેથી......

વડોદરા શહેર જિલ્લાની દસ વિધાનસભા બેઠકોની મતગણતરી તા.૦૮.૧૨.૨૦૨૨ ને ગુરુવારના રોજ પોલીટેકનિક કોલેજ ખાતે સવારે આઠ કલાકથી હાથ ધરવામાં આવશે એમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અતુલ ગોરે જણાવ્યું છે. શહેર જિલ્લાની દસ વિધાનસભા બેઠકોના ઈવીએમ મશીન પોલોટકનિક સ્થિત સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવ્યા છે. જ્યાં અર્ધ લશ્કરી દળોના જવાનોનું ત્રિસ્તરીય સુરક્ષા કવચ ગોઠવવા સાથે ૭૦ જેટલા સી.સી.ટીવી કેમેરાથી નિગરાની રાખવામાં આવી રહી છે. મતગણતરી વિધાનસભા દીઠ ૧૪ લેખે કુલ ૧૪૦ ટેબલ પર હાથ ધરવામાં આવશે. દરેક મતગણતરી કેન્દ્રમાં આઠ લેખે કુલ ૮૦ જેટલા સી.સી.ટીવી કેમેરાની નિગરાની હેઠળ મતગણતરી કરવામાં આવશે. આ ઉપરાંત ટપાલ મતપત્રોની ગણતરી માટે વિધાનસભા દીઠ એક લેખે ૧૦ ટેબલ પર મતગણતરી હાથ ધરવામાં આવશે. મતગણતરીમાં કુલ ૧૫૦૦ જેટલાકર્મીઓ ફરજ બજાવશે. બીજા શબ્દોમાં કહીતો વિધાનસભાના કુલ બૂથને ૧૪ વડે ભાંગવાથી તેના મહત્તમ રાઉન્ડ મળશે. જે બેઠકના ઓછા બૂથ છે, તેનું સૌથી પ્રથમ પરિણામ આવી જશે. વિધાનસભાની બેઠકોનું પરિણામ ભારતના ચૂંટણી પંચની અધિકૃત વેબસાઈટ, મોબાઈલ એપ્લિકેશન ઉપરથી પણ જાણી શકાશે. ત્યાંથી પણ રાઉન્ડ પ્રમાણે ટ્રેન્ડ જાણી શકાશે. પોલીટેનકિન કોલેજ ખાતે અભેદ્ય સુરક્ષા ચક્ર સાથે ડીસીપી જુલી કોઠિયાની રાહબરીમાં સ્થાનિક પોલીસ ઉપરાંત કેન્દ્રીય અર્ધ લશ્કરી દળોની ટૂંકડીઓ તહેનાત કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સીસીટીવીની નિગરાની માટે દિવસ અને રાતની ત્રણ પાળીમાં એકએક એમ એક દિવસ માટે ત્રણ રાજ્યપત્રિત અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે.

# સીસીટીવી અને રાઉન્ડધી કલોક સીએપીએફની લોખંડી સુરક્ષા વચ્ચે એન.જે.સોનેચા હાઈસ્કૂલમાં ઈવીએમ

### ગીર સોમનાથઃ ૮ ડિસે.ના રોજ એન.જે.સોનેચા ઈન્સ્ટિટ્યૂટમાં થશે મતગણતરી, જડબેસલાક સુરક્ષા વચ્ચે સ્ટ્રોંગરૂમમાં EVM




કમલમ્ ન્યુઝ,સોમનાથ
ગીર સોમનાથ જિલ્લા ચૂંટણીતંત્રની ખાસ કવાયતથી ચાર વિધાનસભા બેઠક ૯૦-સોમનાથ, ૯૧-તાલાળા, ૯૨-કોડીનાર અને ૯૩-ઉના માટે સમગ્ર જિલ્લામાં તા. ૧ ડિસેમ્બરના રોજ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થયું હતું. મતદાન પૂર્ણ થતાં જ તમામ ઈવીએમને જડબેસલાક સુરક્ષા વચ્ચે વેરાવળ ખાતેની એન.જે.સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે પહોંચાડવામાં આવ્યાછે. અહીં અલગ-અલગ વિધાનસભાના કુલ ૮ સ્ટ્રોંગરૂમ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં ૯૦-સોમનાથના ૩, ૯૧-તાલાળાના ૨, ૯૨-કોડીનારનો ૧ અને ૯૩-ઉનાના ૨ સ્ટ્રોંગરૂમનો સમાવેશ થાય છે. ૯૧-તાલાળા કાઉન્ટીંગ ઓબ્ઝર્વર તરીકે ભારતના ચૂંટણીપંચે શ્રી અશ્વિનીકુમાર મોહલની નિમણૂક કરી છે જયારે ૯૩-ઉનાના ઓબ્ઝર્વર તરીકે શ્રી સૌમ્યજીત ઘોષની નિમણૂક કરવામાં આવી છે. મતદાન પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગરૂમમાં ઈવીએમને સુરક્ષિત મૂકી તેમના પર કડક જાપ્તો ગોઠવવામાં આવ્યો છે. સીએપીએફની કંપની રાઉન્ડ ધી ક્લોક સઘન પહેરો આપી રહી છે તો સંકુલને પણ સીસીટીવીથી સજ્જ કરી દેવામાં આવ્યું છે. જ્યારે મતગણતરીના દિવસે ૨૫૦ કરતા વધુ કર્મચારીઓ અને ૩૦૦ કરતા વધુ પોલીસ સ્ટાફ કાર્યરત રહેશે અને તા.૮ના રોજ મતગણતરીના દિવસ સુધી એન.જે.સોનેચા ઈન્સ્ટિટ્યૂટ ખાતે લોખંડી સુરક્ષા અકબંધ રહેશે કાઉન્ટિંગ સેન્ટરમાં અલગ રૂમમાં સુનિયોજીત બેઠક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે જેથી મતગણતરીના દિવસે ભારતીય ચૂંટણીપંચ દ્વારા જેમના પણ પાસ ઈશ્યૂ કરવામાં આવ્યા છે તેવા મીડિયા પર્સનને પણ કોઈ મુશ્કેલી ન પડે.

# વડોદરાની તમામ વિધાનસભા બેઠકો પર શાંતિપૂર્ણ રહ્યું મતદાન; ૬૫.૮૩ ટકા નોંધાયું મતદાન

## ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત છે તમામ વોટિંગ મશીન ! કલેક્ટરશ્રી અતુલ ગોરે મુલાકાત લઈને જાત નિરીક્ષણ કર્યુ

કમલમ્ ન્યુઝ,વડોદરા,
તા. ૦૫ ડિસેમ્બરે વડોદરા શહેર-જિલ્લાની કુલ ૧૦ વિધાનસભા બેઠકો માટે શાંતિપૂર્ણ રીતે થયેલા મતદાનમાં કુલ ૧૭.૧૬ લાખ મતદારોએ મતાધિકારનો ઉપયોગગ કરતા સરેરાશ ૬૫.૮૩ ટકા મતદાન થયું છે. મતદાન પૂર્ણ થતા જ નોડલ અધિકારીઓની દેખરેખ હેઠળ તમામ પોલીંગ સ્ટેશનમાંથી ઈવીએમને સીલ કરાયા હતા, અને ત્યારબાદ સફળતાપૂર્વક વોટિંગ મશીનને પોલિટેકનિક સ્થિત સ્ટ્રોંગ રૂમમાં શિફ્ટ કરી દેવામાં આવ્યા હતા. જ્યાં હાલ ત્રણ સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત જિલ્લા ચૂંટણી તંત્રની ચાંપતી નજર છે. વડોદરા શહેર-જિલ્લામાં વિધાનસભા બેઠક પ્રમાણે મતદાનની વાત કરીએ તો, સૌથી વધારે મતદાન પાદરા બેઠક પર ૭૬.૭૯ ટકા નોંધાયું છે, જ્યાં કુલ ૧,૮૨,૮૮૭ મતદારોએ મતદાન કર્યુ હતું. ત્યારબાદ સાવલી વિધાનસભા બેઠક પર ૭૫.૭૭ ટકા મતદાન નોંધાયું છે, અહીં કુલ ૧,૭૪,૭૭૪ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વાઘોડીયા બેઠક પર ૭૩.૮૮ ટકા થયું, જ્યાં કુલ ૧,૮૨,૧૬૨ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો. ત્યારબાદ ડભોઈ વિધાનસભા બેઠક પર ૭૨.૯૯ ટકા મતદાન થયું, જ્યાં કુલ ૧,૬૯,૮૧૯ મતદારોએ મતદાન કર્યુ હતું. કરજણ વિધાનસભા બેઠક પર ૭૧.૪૩ ટકા મતદાન થયું, જ્યાં કુલ ૧,૫૨,૩૮૧ મતદારોએ વોટિંગ કર્યુ હતું. આ તરફ વડોદરા શહેર વિધાનસભા બેઠક પર ૧.૮૪ લાખ જેટલા મતદારોના મતદાનથી ટકાવારી ૬૦ ટકાએ પહોંચી હતી. તો, માંજલપુર વિધાનસભા બેઠક પર ૫૯.૫૪ ટકા મતદાન નોંધાયું છે, જ્યાં કુલ ૧,૫૬,૮૬૧ મતદારોએ મતદાન કર્યુ હતું. અકોટા બેઠક પર ૧,૬૩,૭૯૬ મતદારોએ મતદાનનો ઉપયોગ કર્યા ત્યાં મતદાનની ટકાવારી ૫૯.૩૬ ટકા નોંધાઈ હતી. સયાજીગંજ વિધાનસભા બેઠક પર ૫૮.૯૧ ટકા મતદાન નોંધાયું છે, અહીં કુલ ૧,૭૭,૩૦૩ મતદારોએ મતદાન કર્યુ હતું. રાવપુરા વિધાનસભા બેઠક ૧,૭૧,૮૯૧ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરતા ૫૭.૬૯ ટકા મતદાન નોંધાયું હતું. વડોદરા શહેરની પાંચ બેઠકોમાં થયેલા મતદાનથી એક વાત એવી પણ ધ્યાને આવી છે કે, રાજયના અન્ય મહાનગરપાલિકા વિસ્તાર કરતા વડોદરા શહેરમાં વધુ મતદાન થયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અતુલ ગોરે સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી હતી તથા સુરક્ષા વ્યવસ્થા તેમજ અન્ય આનુષંગિક વ્યવસ્થાઓનું જાત નિરીક્ષણ કર્યુ હતું.

# રાયપુરમાં ૪૨૦૪ લોકોનું આરોગ્યલક્ષી સર્વેક્ષણ કરાયુ

### હાલમાં તમામ વ્યક્તિઓની તબિયત સારી, એક પણ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ નથી

કમલમ્ ન્યુઝ,વડોદરા,
વડોદરા તાલુકાના રાયપુરા ગામ ખાતે તા. ૦૩/૧૨/૨૦૨૨ના રોજ લગ્ન પ્રસંગની રાત્રે જમણવાર બાદ તબિયત લથડવાની ઘટનામાં તાલુકા હેલ્થ ઓફિસર અને તેમની ટીમ મારફત સર્વેલન્સની કામગીરી પૂર્ણ છે. ૧૯ સર્વેલન્સ ટીમે રાયપુર ગામના ૪૨૦૪ લોકોનો સર્વે પૂર્ણ કરી દીધો છે. આ કામગીરીમાં ૯ મેડીકલ ઓફિસર, ૩ તાલુકા આરોગ્ય અધિકારી ઉપરાંત પેરામેડીકલ સ્ટાફના ૩૮ કર્મચારીઓ જોતરાયા હતા. લગ્ન પ્રસંગની રાત્રે જમણવાર બાદ ૨૨૬ વ્યક્તિઓને પેટમાં દુઃખાવો તેમજ ઉબકા, ઉલ્ટી જેવા લક્ષણો દેખાતા ગોત્રી મેડીકલ હોસ્પીટલ તેમજ પ્રાઈવેટ હોસ્પીટલમાં ૧૧૧ જેટલા લોકોને દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. તો, પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના તબીબો દ્વારા સ્થળ પર ૧૧૫ લોકોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવેલ હતી. તા. ૦૩/૧૨/૨૦૨૨ ના રાત્રે ૧૨:૩૦ કલાકે તાલુકા હેલ્થ ઓફિસર વડોદરા તેમજ તેમની ટીમ મારફત ગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉપરોક્ત સર્વેલન્સની તેમજ રોગ અટકાયત કામગીરી કલેક્ટરશ્રી અતુલગોર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સ્થળ પર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. મીનાક્ષી ચૌહાણ, એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રીની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. રોગ અટકાયત માટે અગમચેતીના પગલાં લેવા સારું આગામી ત્રણ દિવસ સુધી સર્વેલન્સ કરાવવા માટે સર્વેલન્સની ટીમો ગોઠવવામાં આવી છે. હાલમાં એકપણ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ નથી. તમામ વ્યક્તિઓની તબિયત સારી છે.



કમલમ્ ન્યુઝ,મકબુલ હુસેન.
ઈડર તાલુકા/શહેર ભાજપ અનુ.જાતિ મોરચાદ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિન નિમિત્તે ઈડર ખાતે બાબાસાહેબની પ્રતિમાને ફુલહારવિધિનો કાર્યક્રમ યોજાયો. જેમાં તાલુકા સંગઠન પ્રમુખ પ્રેમલભાઈ દેસાઈ, પૂર્વ તા.પં. પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ઈડર ન.પા.પ્રમુખ જયસિંહભાઈ તંવર, મોરચાના જિલ્લા પ્રમુખ રાજેશભાઈ પરમાર, મોતીલાલ વણકર, વિજયભાઈ પરમાર, ખેમાભાઈ પરમાર, વિનોદભાઈ પરમાર, મનહરભાઈ પરમાર,નરેન્દ્ર કુલકર્ણી, ખાંનાભાઈ વણકર તથા કાર્યકરો હાજર રહેલ.

# ડો બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ફૂલમાળા અર્પણ કરી ડો દલિત સેના દ્વારા શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

કમલમ્ ન્યુઝ,
ગાંધીનગર ખાતે વિધાન સભાની સામે ગાર્ડન માં આવેલ ડૉ બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા ને ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ, સચિવ કાંતિ ભાઈ પટેલ એડવોકેટ, બાબુભાઈ મેસરવાલા સચિવ ગુજરાત પ્રદેશ અને હોદેદાર કે.આઈ.પટેલ.શ્રી મોહનભાઈ બાલુંવા કર, શ્રી નારણભાઈ પરમાર એડવોકેટ તેમજ કાર્યકરો દ્વારા ડૉ બાબાસાહેબ આંબેડકર ??(મૂળ નામઃ ભીમરાવ રામજી આંબેડકર) (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓના નિર્વાણ દિન નિમિત્તો હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ



કરવામાં આવી. ડૉ બાબા સાહેબ આંબેડકર ભારતીય બંધારણ ના ઘડવૈયા હતા. ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા બાબા સાહેબ વિશે વિગતો પ્રસ્તુત કરી હતી અને ફૂલમાળા અર્પિત કરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી
ડૉ બાબા સાહેબ આંબેડકર વિશે પુસ્તકો
જો ડૉ બાબા સાહેબ આંબેડકર ન હોત તો?
ડૉ બાબા સાહેબ આંબેડકર નો જીવન સંદેશ
લેખક :ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી જય મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. પ્રોફેસર શ્રી નરસિંહ દાસ વણકર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માં બાબુભાઈ મેસરવાલા એ ડૉ બાબા સાહેબ ના કાર્યો વિશે વાત કરી હતી. અંત માં આભાર વ્યક્ત એડવોકેટ કાંતિભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.



કમલમ્ ન્યુઝ,મકબુલ હુસેન.
હિંમતનગર ને અડીને આવેલા માલીવાડ વિસ્તારની બાજુમાં આવેલ હુસેના બાદ માં ભારતીય જનતા પાર્ટીની ચૂંટણી દરમિયાન સારી કામગીરી કરવા બદલ તાલુકા સદસ્ય રવિન્દ્રસિંહ ચાવડા દ્વારા મલેક ફરીદ ખાન ને ખેસ પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા

# આહવાના દત્તનગરમાં ૩૧મી દત્તાજયંતીની ઉજવણી




કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ
આહવાના દત્તનગરના દત્તમંદિરમાં ૩૧મી દત્તાજયંતીની ઉજવણી થશે. ડાંગ જિલ્લાના આહવાનગરમાં આવેલ દત્તનગર ફળિયામાં આવેલ દત્તમંદિરમાં તારીખ ૭/૧૨/૨૨ના રોજ દત્તાજયંતી નિમિત્તે દત્તઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં ગુરૂચરિત્રનુ પારાયણ, મહારાષ્ટની કિર્તનમંડળીનું કિર્તન થશે. ગામમાં દત્તભિક્ષાઝોળી ફેરવી એકત્ર થયેલ ફાળો, ઘનધાન્યમાંથી ભંડારો યોજાશે. તથા દર વર્ષની જેમ આ વર્ષ પણ આહવાના નગરજનો, ગામે ગામથી, તથા મહારાષ્ટ્રથી આવેલ દત્તભકતો એક સાથે એક પંગતે મહાપ્રસાદનો લાભ લે છે.

# હિંમતનગર સરકારી પોલીટેકનીક ખાતે ચારે બેઠકોની મતગણતરી ૮ ડિસેમ્બરે સવારે ૮ વાગ્યે હાથ ધરાશે. પૂર્વ તૈયારીનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયા

### સી.સી.ટી.વી કેમેરા અને ત્રિ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા સાથે સ્ટ્રોંગરૂમની ૨૪ કલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ. રાજકીય પક્ષના વ્યક્તિઓ પણ સી.સી.ટી.વીનું ફૂટેજ જોઈ શકે તે માટે મંડપ બાંધી વ્યવસ્થા ગોઠવાઈ





ઈકબાલ મેમણ /યુનુસ મેમણ
ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨નું ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાતનુ બીજા તબક્કાનું મતદાન ગઈકાલ તા.૫/૧૨/૨૦૨૨ના રોજ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું છે અને જિલ્લાની જનતા દ્વારા જંગી મતદાન કરીને ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ. મશીનમાં કેદ કર્યુ છે તે મતદાન કરેલા તમામ ઈ.વી.એમ. હવે મતગણતરીના દિવસે એટલે કે તારીખ ૮/૧૨/૨૦૨૨ના રોજ મતગણતરી હાથ ધરાશે તે માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ મતદાન કરાયેલા તમામ સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભાના ઈ.વી.એમને હિંમતનગર સરકારી પોલીટેકનીક ખાતે લાવવામાં આવ્યા છે જેનો ૨૪ કલાક સઘન સુરક્ષા પહેરો રાખવામાં આવી રહ્યો છે અને સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરા ઉપરાંત ત્રિ-સ્તરીય સુરક્ષા રાજય પોલીસ જિલ્લા પોલીસ વ્યવસ્થા ઉપરાંત કેન્દ્રમાંથી આવેલી બી.એસ.એફના જવાનો દ્વારા સ્ટ્રોંગરૂમની દિવસ-રાત હથિયાર સાથે સુરક્ષા કરી રહ્યા છે. સરકારી પોલિટેકનિક ખાતે મતગણતરી હાથ ધરાનાર છે તેની આજે જિલ્લા કલેક્ટરશ્રી હિતેષ કોયા દ્વારા મુલાકાત લઈને નિરીક્ષણ કરી સુરક્ષા અને મતગણતરી માટે ઉભી કરાયેલી વ્યવસ્થાનું જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ચૂંટણી પંચની ગાઈડલાઈન પ્રમાણે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા દિવસમાં બે વાર સ્થળની મુલાકાત લેવાની હોય છે અને ચાંપતી નજર રાખવાની હોય છે જે સંદર્ભે રૂબરૂ મુલાકાત અને નિરીક્ષણ જિલ્લા ચૂંટણી અધિકારી કરી રહ્યા છે અને જે કંઈ જરૂરી સુચના જણાય તો સંબંધીતને આપતા રહે છે. આર.ઓઅને ઓબઝર્વર પણ આ સ્થળની નિગરાની રાખી રહ્યા છે. આમ સમગ્રતયા કડક નિગરાની અને મોનીટરિંગ કરી રહ્યા છે. રાજકીય પક્ષોને પણ બહાર મંડપ બાંધીને તેઓ પણ ૨૪ કલાક સી.સી.ટી.વી ફૂટેજ જોઈ શકે તેવી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આમ મત ગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી સઘન અને સતત દેખરેખ અને મુલાકાત વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવશે અને પ્રવેશ પાસ વિના કોઈને અંદર જવા પર નિયંત્રણ લાદવામાં આવ્યું છે. અધિકૃત કરેલ વ્યક્તિઓ જ અંદર પ્રવેશ કરી શકશે.

